PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**<u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા–૦૨/૧૭–૧૮/ ૬૯૦૯ તા. 25/09/17

<u>રજી. એ.ડી. પત્ર</u>

પ્રતિ,
સવદાસભાઈ નથુભાઈ કરમુર,
જડેશ્વર સોસાયટી, જડેશ્વર રોડ,
<u>જામ ખંભાલીઆ,</u>
<u>જી. દેવભુમી દ્વારકા,</u>
મો: ૯૪૨૬૯ ૭૪૬૩૦

**વિષય :–લોડ વધારો તેમજ વીજવાયર ખેચવા (મેન્ટેનન્સ બાબત)**
<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૨૯–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૪/ક્વા–૦૨/૧૭–૧૮ )</u>

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

<u>નકલ રવાના :</u>
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,વડત્રા</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 1 / D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૪/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૫–૦૭–૧૭ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: સવદાસભાઈ નથુભાઈ કરમુર, ગામ: જામનગર

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર :એ.એ.છત્રોલા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

---

## : હુકમ :

---

### ફરીયાદ : લોડ વધારો તેમજ વીજવાયર ખેચવા (મેન્ટેનન્સ બાબત)

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓશ્રીના હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૧૭/૦૦૨૫૪/૪ ના કરારીત એવા ૦૫ હોપા ના વધારના ૦૫ હોપાનો વીજભાર વધારો મેળવી અને જોડાણ ને ૧૦ હોપા ના કરારીત વીજભાર વાળુ કરવા માટેની અગાઉ વિધીસર ની અરજી, પીજીવીસીએલ મા આપેલ હોવા છતા, આજદિન સુધી વીજભાર મંજુરી અન્વયે નુ ભાવપત્રક અપાયેલ નથી. |
| ૧.૨ | તદ ઉપરાંત, તેઓ શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૧૭/૦૦૨૫૪/૪ ના વીજગ્રુપ ની હૈયાત વીજલાઈન ના તાર તેમજ હાર્ડવેર વગેરે સળી ગયેલ હોય, વારંવાર વિજવિક્ષેપ થતો હોય, આ બાબતે કચેરી મા તા.૦૭–૦૬–૧૭ ના રોજ, અરજી આપેલ હોવા છતા, આજદિન સુધી, સદર વીજલાઈન સમારકામ કરી અને અગાઉ ના જુના તાર, જે કાઢી નખાયેલ હોય, જોડાણ નો પુરવઠો બંધ હોય, નવા તાર નાખી ને, જોડાણ ને પુનઃચાલુ કરવાની, કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતેની, તેઓશ્રીના હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૧૭/૦૦૨૫૪/૪ ના કરારીત એવા ૦૫ હોપા ના વધારના ૦૫ હોપાનો વીજભાર વધારા ની મંજુરી અન્વયે નુ રૂ.૬,૯૨૦/– નુ ભાવપત્રક નં.: ૨૫૩૪ તા.૨૧–૦૭–૧૭ થી અરજદાર શ્રી ને અપાયેલ છે. તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી ની મુદ્દા નં. ૧.૨ મુજબ ની વિગતે ની, તેઓ શ્રી ના સદર જોડાણ વાળા વીજગ્રુપ ની હૈયાત કુલ ૧૮૦ મીટર એલ.ટી.લાઈન ના ગાળા ની વીજલાઈન ના તાર તેમજ હાર્ડવેર વગેરે બદલાવી અને સંપુર્ણ પ્રકાર નુ તાંત્રીક રીતે યોગ્ય એવુ સમારકામ, જે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી તા.૧૮–૦૭–૧૭ ના રોજ, અરજદાર શ્રી ની સ્થળ પર ની હાજરી, જાણકારી હેઠળ, એમ કુલ ૦૨ માંગણીઓ મુજબ ની કામગીરી, જે અરજદાર શ્રી ના તા.૧૮–૦૭–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, પીજીવીસીએલ તરફથી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતેની, બન્ને ફરીયાદો નુ નિરાકરણ, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી તા.૧૮–૦૭–૧૭ ના રોજ, અરજદાર શ્રી ની સ્થળ પર ની હાજરી, જાણકારી હેઠળ, એમ કુલ ૦૨ માંગણીઓ મુજબ ની કામગીરી – જે અરજદાર શ્રી ના તા.૧૮–૦૭–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, પીજીવીસીએલ તરફથી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૧૮–૦૭–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ તરફથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વીજ સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.